**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૪ ટકા

# કેપીટલ રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેનોની સુવિધા વધારવા રજૂઆત

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવા છતાં અહીં ટ્રેનોની સુવિધા પૂરતા પ્રમાણમાં ન હોવાથી મુસાફરોને નાછૂટકે અમદાવાદ જવુ પડે છે. કેપીટલ રેલ્વે સ્ટેશનને અદ્યતન બનાવાયુ છે પરંતુ પૂરતી ટ્રેનોની સુવિધા પ્રાપ્ત નથી. ટ્રેનોની ફ્રિકવન્સી વધારવા રેલ્વે મંત્રાલયને રજૂઆત કરવામાં આવી છે. ગાંધીનગર ગુજરાતની રાજધાની છે અને સમગ્ર રાજ્યનો વહીવટ ગાંધીનગરથી ચાલે છે ત્યારે દિનપ્રતિદિન રાજ્યમાંથી નાગરિકો પોતાના કામ અંગે ગાંધીનગર આવતા હોય છે. જે પોતાના ખાનગી વાહનો તથા એસટી બસ દ્વારા આવતા હોય છે, રાજ્યનું ગાંધીનગર મુખ્ય મથક હોવાથી રાજ્યના તથા અન્ય રાજ્યના અને રાષ્ટ્રીય કક્ષાએથી પણ હજારો નાગરિકો મુસાફરોની અવરજવર થાય છે ત્યારે ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશન ખાતે અદ્યનત સુવિધાઓ કરી અન્ય પાંચ ટ્રેનોને (૧) સાબરમતી પાટણ ડેમુ ટ્રેન નંબર ૦૯૩૬૯, (૧) આશ્રમ એક્સપ્રેસ અમદાવાદ દિલ્હી ટ્રેન નંબર ૧૨૯૧૫, (૩) દોલતપુર એક્સપ્રેસ અમદાવાદથી જમ્મુતાવી ટ્રેન નંબર ૧૯૨૨૩ અને સ્વર્ણિમજયંતિ રાજધાની એક્સપ્રેસ અમદાવાદથી ન્યુદિલ્હી વાયા ગાંધીનગર દોડાવવી જરૂરી છે.

પાંચ ટ્રેનોને વાયા ગાંધીનગર કરવામાં આવે તો અનેક મુસાફરો તેનો લાભ લઈ શકે. શહેરના નાગરિકોને અમદાવાદ રેલ્વે સ્ટેશન સુધી લાબા થવું પડે નહી. ગાંધીનગર રેલ્વે સ્ટેશન સમગ્ર દેશમાં જાણીતું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયકક્ષાએ મુખ્ય મથક શહેર બની ગયુ છે. રેલ્વે સ્ટેશન




પાસે અદ્યતન લીલા હોટલ દેશમાં પહેલી છે પરંતુ ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશનમાં શહેરીજનોને જરૂરિયાત જેટલી ટ્રેનોની સુવિધાઓ પ્રાપ્ત થતી નથી. ત્યારે અમદાવાદ સુધી આવતી પાંચ ટ્રેનોને વાયા ગાંધીનગર સુધી લંબાવવા માટે શહેરીજનોની માંગણી છે. આ ઉપરાંત પાટનગર ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશન ખાતે ઘણી સુવિધાઓનો અભાવ જણાય છે જેવી કે ગાંધીનગર શહેર રેલ્વે સ્ટેશન પર હાલમાં ૧૮ ટ્રેનો પસાર થઈ રહી છે જેમાં સિનિયર સિટીઝનો માટે એક વ્હીલચેર છે આથી ખુબ અગવડ પડે છે. કેપીટલ રેલ્વે સ્ટેશનથી શહેરમાં આવવા જવા માટે કોઈ સાધનો વાહનોની વ્યવસ્થા નથી, રેલ્વે સ્ટેશન પર મુસાફરોનો સામાન ચીજવસ્તુઓ ઉંચકવા માટે કુલી નથી, મુસાફરોને ન્હાવા માટે બાથરૂમ અને ક્લોકરૂમ તથા અન્ય સુવિધાઓનો અભાવ જણાય છે. આ ઉપરાંત ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશન મુખ્ય મથક છે આથી દેશના તમામ મુખ્ય રાજ્યની રેલ્વે લાઈનનું વાયા ગાંધીનગર જોડાણ કરવામાં આવે તે આવશ્યક છે. દેશના અનને રાજ્યના સિનિયર સિટીઝનોને અગાઉ રેલ્વેમાં મુસાફરી માટે પચાસ ટકા કન્સેશનનો લાભ આપવામાં આવતો હતો જે પુનઃ ચાલુ કરવામાં આવે તેવી માંગણી છે. ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશન ખુબ સરસ બનાવવામાં આવ્યું છે ધીરે ધીરે શહેરીજનોની અવરજવર રેલ્વે સ્ટેશન સુધી જોવા મળી રહેલ છે અને શહેરનો ઝડપથી વિકાસ થઈ રહેલ છે જેને ધ્યાને લઈ ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશન ખાતે વધુમાં વધુ સુવિધાઓ પૂરી પાડવા માટે શહેરના નાગરિકોની માગણી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા અને મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખે કેન્દ્રિય કેબીનેટ ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશને પત્ર લખી કેપીટલ રેલ્વે સ્ટેશને વધુ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા રજૂઆત કરી છે.

## મહુડી સમર્પણ આશ્રમ ખાતે ૬ એપ્રિલે ધ્યાન યોગ શિબિર

### શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના સાનિધ્યમાં હિમાલય ધ્યાન યોગ દર્શન શિબિરનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૪

વૈચારિક પ્રદૂષણની વચ્ચે માનવ સમાજ આત્મશાંતિ ગૂમાવી ચૂક્યો છે. આવા તનાવપૂર્ણ સમયે જીવનને સંતૂલિત કરવા ધ્યાનયોગ મહત્વપૂર્ણ બની શકે છે. આધ્યાત્મિક તેમજ સર્વાંગીણ ઉન્નતિના શુભાશયથી ગુજરાત સમર્પણ આશ્રમ, અનોડિયા રોડ, મહુડી ખાતે પરમ પૂજ્ય સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીના સાનિધ્યમાં આગામી તા. ૦૬-૦૪-૨૦૨૩, ગુરૂવારના રોજ સાંજે ૭.૦૦ ક્લાકે વિશાળ જન સામુહિકતામાં હિમાલય ધ્યાન યોગ દર્શન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ.પૂ. શ્રી શિવકૃપાનંદ સ્વામીજીએ ૪૦ વર્ષની કઠોર સાધના અને અથાક પરિશ્રમથી સમર્પણ ધ્યાન યોગની શરૂઆત કરી. હિમાલયન ધ્યાન એક જીવંત અનુભૂતિ આધારિ સરળ ધ્યાન સંસ્કાર છે જેનો લાભ આપને તથા આપના પરિવારને લેવા ભાવભર્યુ નિમંત્રણ છે. આ મહાધ્યાન દર્શન શિબિરનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે. તો આ મહાધ્યાનમાં જોડાવવા અપીલ કરવામાં આવી છે

## સે-૨૨ સ્થાનકવાસી જૈનસંઘ દ્વારા મહાવીર જયંતિની ભવ્ય ઉજવણી




ગાંધીનગર, તા.૪

સેક્ટર-૨૨ સ્થિત શ્રી સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા શાસન પતિ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૮.૦૦ વાગે સેક્ટર ૨૨ ઉપાશ્રયથી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨૫થી વધુ ભાઈઓ અને બહેનો અને જૈન શાળાના બાળકો વેશભૂષા સહ અને જૈન ધર્મના વિવિધ પોસ્ટર્સ અને ધર્મ ધજા લઈને જોડાયા હતા. આ શોભાયાત્રા સેક્ટર-૨૨માં શોપિંગ સેન્ટર થઈ, પંચદેવ મંદિર થઈ ઉપાશ્રય પરત થઈ હતી. ત્યારબાદ ઉપાશ્રયમાં પૂજ્ય સમણીજી ડો. સુયશનિધીજીએ ભગવાન મહાવીર સ્વામીના જીવન ચરિત્ર ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ત્યાર બાદ સુપ્રસિદ્ધ સંગીતકાર બીરેન બુટાણીના મધુર સ્વરોમાં મહાવીર વંદનાવલીનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેનાથી સૌ કોઈ પ્રભાવિત થયા હતા. શોભાયાત્રામાં જોડાનાર માટે ૧૫ ચાંદીના સિક્કાનો લકી ડ્રો યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં હાજર રહેલા સૌ માટે ગૌતમ પ્રસાદીનું આયોજન સુરેશભાઈ ચોરડીયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. સૌને શુદ્ધ ઘીની બુંદી અને સેવની પ્રભાવના કરવામાં આવી હતી. ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક નિમિત્તે શ્રી સંઘ તરફથી સેવ બુંદીના લગભગ ૫૦૦ જેટલા પેકેટ્સનું વિવિધ સંસ્થાઓમાં વિકલાંગ, અંધ, માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો અને બાળાઓને વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અંતર્ગત નિઃશુલ્ક યોગ વર્ગ



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના નાગરિકોમાં યોગ-પ્રાણાયમ વિષે ઘણી જાગૃતા જોવા મળે છે. શહેરીજનો પોતાના સ્વાસ્થ્ય સંબંધી સજાગ થયા છે. આ સંદર્ભે શહેરના સેક્ટર-૭-ડી ના ગાર્ડનમાં વર્ષોથી દરરોજ સવારે ૫.૪૫ થી ૭.૧૫ નિઃશુલ્ક યોગ ક્લાસ ચાલે છે. અહીં યોગાચાર્ય અક્ષતભાઈ શાહ સળંગ ૧૩ વર્ષથી નિઃસ્વાર્થ સેવા આપી રહ્યા છે. હાલમાં આ વર્ગ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અંતર્ગત વિનામૂલ્યે ચાલે છે. આ કક્ષામાં યોગ-પ્રાણાયમ-આસન વિષે નિઃશુલ્ક તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. આ યોગ ક્લાસમાં જોડાવવા માટે સ્વાસ્થ્યપ્રેમી નાગરિકોને જાહેર આમંત્રણ છે. તથા યોગ વર્ગ વિષે વધુ માહિતી માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ પ્રમાણીત યોગ ટ્રેઈનર અક્ષતભાઈ શાહના મો. નં. ૯૮૨૪૦૩૬૦૫૭ પર સંપર્ક કરવા વિનંતી છે.

## આઈઆઈટી ગાંધીનગર દ્વારા ધો-૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૪

ઈજનેરો, વૈજ્ઞાનિકો અને સંશોધકોની આગામી પેઢીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિવિધ આયામો પ્રત્યે જીજ્ઞાસા અને ઉત્સાહ જગાડવાના ઉદ્દેશ્ય સાથે, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (IITGN) ૧૫ એપ્રિલ, ૨૦૨૩ના રોજ 'G20-Ignite'નું આયોજન કરવા જઈ રહ્યું છે, જે ધોરણ ૧૦ થી ૧૨ના શાળાના વિદ્યાર્થીઓ અને તાજેતરમાં ધોરણ ૧૨ પાસ કરેલા વિદ્યાર્થીઓ માટે વિશેષરૂપે ડિઝાઈન કરાયેલ વિજ્ઞાન અને ટેકનોલોજી મેળો છે.

દિવસભર ચાલનારા મેળાને રોમાંચક પ્રવૃત્તિઓ, હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ મોડ્યુલ્સ, ઈન્ટરેક્ટિવ શોકેસ અને પ્રદર્શનો, અને IITGN સ્ટુડન્ટ ટેકનિકલ કાઉન્સિલ અને તેની સંલગ્ન ક્લબ્સ/હોબી ગ્રુપ્સ, સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (CCL), મેકર ભવન, અને HackRushsuðe IITGNના વિદ્યાર્થીઓની પહેલ દ્વારા ક્યુરેટ કરાયેલી વર્કશોપ અને સ્પર્ધાઓ સાથે આયોજિત કરાયો છે. સ્પર્ધાઓમાં હાર્ડવેર પ્રોગ્રામિંગ, ગેમ ડેવલપમેન્ટ, બ્લોકચેન ટેક્નોલોજી અને NFTsને સમજવું, વિજ્ઞાન અને ટેક્નોલોજી આધારિત ટ્રેઝર હન્ટ અને અને ક્વિઝ, ખગોળશાસ્ત્ર વર્કશોપ, સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ સ્પર્ધાઓ વગેરેનો સમાવેશ થાય છે.

વધુમાં, વિદ્યાર્થીઓ સાયલન્ટ ડીજે, લાઈટ એન્ડ સાઉન્ડ શો, ૩ડી પ્રિન્ટીંગ અને લેસર કટીંગ ટેકનોલોજી, સંશોધન શોકેસ, સાઈટેક-થીમ આધારિત એન્ટરટેઈનમેન્ટ, અને ઘણા બધા ઈવેન્ટ્સ દ્વારા મેળાને માણી શકે છે. વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓ ઉપરાંત, IITGNનું સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ એક હેન્ડ્સ-ઓન વર્કશોપનું આયોજન કરશે જે આઉટ-ઓફ-ધ-બોક્સ વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ અને એક્ટિવ લર્નિંગને પ્રોત્સાહન આપશે. આ ઈવેન્ટમાં બે અલગ-અલગ વર્લ્ડ રેકોર્ડ તોડવાના પ્રયાસો પણ કરવામાં આવશે. આઈઆઈટી ગાંધીનગરની અસંખ્ય સંશોધન પ્રયોગશાળાઓ મોડેલો, પ્રાયોગિક સેટ-અપ્સ અને શોકેસનો ઉપયોગ કરીને વિજ્ઞાન અને તકનીકીની વિભાવનાઓને સરળ બનાવવા માટે નિદર્શન કરશે. આ અનોખું પ્રદર્શન વિદ્યાર્થીઓને આઈઆઈટી ગાંધીનગરના ગતિશીલ સંશોધન અને શૈક્ષણિક ઈકોસિસ્ટમની ઝલક પ્રદાન કરશે. વિદ્યાર્થીઓ અને શાળાઓ વેબસાઈટ https://iitgn.ac.in/ignite પર ઈવેન્ટ વિશે વધુ જાણી શકે છે અને ૧૦ એપ્રિલ, ૨૦૨૩ સુધીમાં મેળા માટે નોંધણી કરાવી શકે છે.

## જીઆઈપીએસ ખાતે શિક્ષણના મુલ્ય પર વર્કશોપ



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા તા.૦૪-૦૪-૨૦૨૩ ના રોજ પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા “આનંદમય જીવન (Joyful Living) અને શિક્ષણનું મૂલ્ય (Value Education) ની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકોને શિક્ષણ વિશે નૈતિક મૂલ્યોની સમજણ વાર્તાઓ દ્વારા આપવામાં આવી હતી.

## કોર્પોરેટર પોપટસિંહજી ગોહિલ દ્વારા યુવાનોને સ્પોર્ટ્સ કીટનું વિતરણ



ગાંધીનગર, તા.૪

વોર્ડ-૧૦ના કોર્પોરેટર પોપટસિહ ગોહીલ દ્વારા ઉર્જાનગર-૨ના યુવાનોને સ્પોર્ટ્સ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા. સોસાયટીના યુવાનો અને સભ્યોએ આભાર વ્યક્ત કર્યો હતો



સેક્ટર ૨૪ ખાતે યુરોકિડ્સ પ્રી સ્કૂલના સહકારથી આયોજિત ચિત્રસ્પર્ધામાં ચિ. દ્વિતી દવેને ટ્રોફી તથા સર્ટિફિકેટ સંસ્થાનાં મહેમાન પાર્થ શાસ્ત્રી દ્વારા પ્રદાન કરવામાં આવ્યું હતું.

# આજે શહેરમાં હાટકેશ પાટોત્સવ ઉજવાશે

### નર્મદેશ્વર મહાદેવ ચ-૫થી હાટકેશ્વરદાદાની પાલખી લઈને શોભાયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં ચૈત્ર શુકલ ચાદશે આવતીકાલે નાગર પરિવાર દ્વારા હાટકેશ જયંતિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં બપોરે ૧૨ વાગ્યાથી લઘુરુદ્ર અને પધરામણી આરંભાશે. સાંજે ૫ કલાકે હાટકેશ યાત્રા અને સાંજે ૭ કલાકે સમુહ ભોજન લેવાશે. વડનગરનું હાટકેશ મંદિર નાગર સમુદાયનું આસ્થા કેન્દ્ર છે. નાગર પરિવારોના ઈષ્ટદેવ હાટકેશ્વરદાદા બિરાજમાન છે. નાગર પરિવારો દ્વારા હાટકેશ્વરદાદાની પાલખી લઈને શોભાયાત્રા યોજાશે. યાત્રા સાંજે ૫ કલાકે નર્મદેશ્વર મહાદેવ ચ-૫થી નીકળીને સે-૧૭/૨૨ થઈ સે-૨૨ના શોપીંગ સેન્ટર થઈ પંચદેવ મંદિર, ચ-રોડ થઈને નર્મદેશ્વર મહાદેવ ચ-૫ પરત ફરશે. આમ નાગર પરિવારો ધામધૂમથી હાટકેશ પાટોત્સવ ઉજવશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર રેશમબેન ગાંડાજી ઉ.વ.૭૯, પુન્દ્રાસણ
- સ્વ.સોલંકી ગલાબા પોપટજી ઉ.વ.૫૭, માણેકપુર, માણસા
- સ્વ.ઠાકરડા હીરાબેન બબાજી ઉ.વ.૭૦, માણેકપુર, માણસા
- સ્વ.રબારી પ્રતાપભાઈ ખુમાભાઈ ઉ.વ.૫૬, ગાંધીનગર
- સ્વ.ચૌહાણ કાનજીભાઈ કાળીદાસ ઉ.વ.૮૫, ગાંધીનગર
- સ્વ.શ્રીમાળી ડાહીબેન રમણભાઈ ઉ.વ.૭૪, વાવોલ

## જન્મદિને વધામણી



રુદ્ર જયેશલાલ બારૈયા
મો. ૯૮૨૫૬ ૦૭૦૬૪



ડો. પ્રદીપ ગગલાણી
પ્રિન્સિપાલ, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ
મો. ૯૮૨૪૨ ૬૬૧૨૧




પ્રતાપસિંહજી સોલંકી
મો. ૯૦૫૪૦ ૭૯૫૧૬



શક્તિસિંહ ઝાલા



જિનલકુમાર શાહ
મો. ૮૮૬૬૧ ૪૩૦૫૪



ધ્રુવિલ એ પટેલ



ધ્યાની શ્રેયાંશભાઈ કોઠારી
મો. ૯૧૨૯૧ ૬૨૩૦૧



પરમાર નરોત્તમભાઈ પી.



અનુષ્કા ભરતભાઈ બાબરીયા